**વડીલોને વંદન**
**અભિનંદન**


મંગળબેન જયદેવભાઈ ભટ્ટ
(૧૯૨૨)ફોનઃ૨૩૨૪૧૦૨૧


અરવિંદાબેન જે. પુરોહિત
(૧૯૪૨)ફોનઃ૨૩૨૪૪૯૪૯


હંસાબેન જે ઘેડીયા
(૧૯૪૬)મો.૯૭૨૩૮૪૪૧૦૦

# હિંમતનગરમાં દોઢ કિ.મી. લાંબી નીકળેલી સ્વામીનારાયણની શોભાયાત્રા

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર નજીક સ્વામી મહારાજની પ્રેરણાથી હિંમતનગર ખાતે હિન્દુ સંસ્કૃતિની ધરોહર સમા શ્રી સ્વામીનારાયણ મંદિરનું નિર્માણ કરવામાં આવેલ છે. સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થપાય તે હેતુથી બી.એ.પી.એસ. દ્વારા બુધવારે સવારે વિશ્વ શાંતિ મહાયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવ્ય વાતાવરણમાં શરૂ થયેલ ૪૯૩ મહાયાગમાં ૮ હજાર જેટલા હરિભક્તો બેઠા હતા, તો બીજી તરફ બુધવારે બપોરે હિંમતનગર શહેરના હિંમત હાઈસ્કૂલમાંથી મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓની વિવિધ વાહનમાં બિરાજમાન કર્યા બાદ શોભાયાત્રાનું સદ્‌ગુરુ સંતો પૂ. મહંતસ્વામી, પૂ. ડૉક્ટર સ્વામી, પૂ. ત્યાગ વલ્લભ સ્વામી, પૂ. કોઠારી ભક્તિ પ્રિયસ્વામી, પુ. શ્વિર ચરણ સ્વામી સહિત જિલ્લા ભાજપના પ્રમુખના હસ્તે પ્રસ્થાન કરાવ્યું હતું.



સ્વામીનારાયણ મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા અંતર્ગત બુધવારે બપોરે હિંમતનગર શહેરમાં ભવ્ય અને દોઢ કિ.મી. લાંબી શોભાયાત્રા નીકળી હતી. જેમાં તમામ ભગવાન વિવિધ રથમાં બિરાજમાન થયા હતા અને શહેરના માર્ગો પર હરિભક્તો સાથે ફર્યા હતા.

શ્રી સ્વામીનારાયણ ભગવાન આશીર્વાદ તથા પરમ પૂજ્ય પ્રમુખ રથમાં શ્રી સ્વામીનારાયણ ભગવાન, શ્રી શંકર-પાર્વતી, શ્રી રાધા-કૃષ્ણ, શ્રી રામ-સીતા, શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી વગેરે પ્રતિમાઓને વાહનમાં બિરાજમાન કરવામાં આવી હતી. જ્યારે આ શોભાયાત્રામાં ૯૬ બાઈક, ઠાકોરજીની પાલખી, ૨૫ મશાલધારી યુવકો, ૩૦ ધ્વજાઓ, ૯૩ પોશીના વિસ્તાર વનવાસી


(તસવીર : મગનજી વણઝારા)

આ શોભાયત્રામાં કુલ ૮ રથ જેવા કે મયુર રથ, હંસરથ, ગરુડ રથ, જગન્નાથ મંદિર રથ, સૂર્ય રથ વગેરે ઢોલૃવાદકો, ૧૬ વનવાસી મંડળીઓ, ૧૩ ટ્રેક્ટરો અને બે ટ્રેલરોએ શોભાયાત્રામાં જોડાયા હતા.

# ડીસામાં લીલા લાકડા ભરેલા છ વાહન ઝડપાયા

## વૃક્ષ કટીંગના કારોબારમાં સંકળાયેલા તત્વોમાં ફફડાટ



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૧૧

ડીસા-પાટણ હાઈવે રોડ પર આવેલી શૉ મિલોમાં ગ્રામ્ય વિસ્તારમાંથી મોટા પાયે લીલા લાકડાનો જથ્થો ઠલવાતો હોવાની ફરીયાદ ઘણા સમયથી ઉઠવા પામી છે. આ લાઠીઓમાં મધરાતથી લઈ વહેલી પરોઢ સુધી ઊંટગાડી, ટ્રેક્ટર જેવા વાહનોમાં લીલા વૃક્ષો ઠલવાય છે ત્યારે રેન્જ ફોરેસ્ટ દાંતીવાડા નોર્મલ વિભાગના આઈ.એમ. રબારી, વનપાલ વી. એમ. નાયક અને વન રક્ષક ઝેરડાઆર.ડી. ધાસુરાએ ડીસા પાટણ હાઈવે વિસ્તારમાં વહેલી સવારે બાતમીના આધારે નાકાબંધી ગોઠવી લીલા લાકડા ભરીને શૉ મિલમાં આવતા છ વાહનો કબ્જે કરતા લીલા વૃક્ષોનો સફાયો કરતા તત્વોમાં ફફડાટ મચી જવા પામ્યો હતો.

ડીસા શહેરમાં આવેલી કેટલીક શૉ મીલોમાં ગેરકાયદેસર રીતે લીલા લાકડાનો સફાયો થાય છે. આજુબાજુના ગામોમાંથી મોટા પાયે લીલુ લાકડુ અહી ઠલવાય રહ્યું છે. જંગલ વિભાગના અધિકારીઓએ વહેલી સવારે પાટણ-ડીસા હાઈવે વિસ્તારમાં બાતમીના આધારે વોચ ગોઠવી લીલા લાકડા ભરેલ ૩ ટ્રેક્ટર, ૨ ઊંટગાડી, ૧ ટેમ્પો મળી કુલ ૬ વાહન કબ્જે કરી તેમની વિરૂદ્ધ વૃક્ષ છેદન અધિનિયમ મુજબ કલમો લગાડી તમામ વાહનો કબ્જે લીધા છે.

ડીસા પંથકમાં તંત્રની લાપરવાહીને કારણે ઘણા સમયથી લીલા વૃક્ષો સામે ખતરો ઉભો થયો છે. ગેરકાયદેસર રીતે વૃક્ષોનું છેદન કરતા તત્વો સામે કડક પગલાં ભરવામાં તંત્ર નિષ્ફળ નિવડતા આવા ઈસમો બેફામ રીતે વૃક્ષ કટીંગ કરી જંગલોનું નિકંદન કાઢી રહ્યું છે. ત્યારે તંત્રએ આ મામલે કડક બનવાની તાતી જરૂરીયાત છે. જ્યારે બીજી તરફ લીલાવૃક્ષોનું ગેરકાયદેસર કટીંગ કરતા તત્વો સામે કડકાઈએ કામ લેવાશે તેવું ઝેરડા વનરક્ષક આર.ડી. ધાસુરાએ જણાવ્યું હતું.


પાલનપુર શહેરનાં કોટની અંદરના માર્ગનું આજરોજ ખાતમુહૂર્ત પાલિકાના બાંધકામ શાખાના ચેરમેન અને પાલિકાના સભ્યો અને સ્થાનિક રહીશોની હાજરીમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં અંદાજિત ૧૦ લાખ રૂપિયાનું ખર્ચ કરવામાં આવશે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## જસ્ટીસ ડી.પી. બુચ (નિવૃત્ત)ને લોકાયુકત તરીકે શપથ લેવડાવતાં રાજયપાલશ્રી

ગુજરાત રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ આજે સવારે રાજભવન ખાતે જસ્ટીસ ડી.પી. બુચ(નિવૃત્ત)ને લોકાયુક્ત તરીકે હોદ્દાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી, રાજય વિધાનસભાના અધ્યક્ષશ્રી વજુભાઈ વાળા, રાજયમંત્રી મંડળના સભ્યો, રાજ્ય માનવ અધિકાર પંચના અધ્યક્ષ જસ્ટીસ જે. એમ. ભટ્ટ સહિત નિવૃત્ત ન્યાયધિશશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, રાજય સરકારના વરિષ્ઠ સચિવશ્રીઓ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદ જીલ્લાના તમામ ટોલનાકા પર સીસીટીવી હશે

ગ્રામ્ય જિલ્લામાં અન્ય રાજ્યમાંથી કે અન્ય જિલ્લામાંથી કે દેશ બહારથી આવના તત્વોને શોધી પકડી પાડવા અને ગંભીર પ્રકારના ગુનાઓ થતા અટકાવવા, થયેલ ગુનાઓનો પર્દાફાશ કરવા તથા ગુનેગારોને પકડી શકાય તે માટે અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં સરખેજ વિરમગામ રાજય ધોરી માર્ગ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કાર્યરત ટોલ નાકામાંથી પસાર થતાં વાહનોના પુરેપુરા રજિસ્ટ્રેશન નંબરોની નોંધણી થાય તેમજ આવા વાહન અને વાહન ચાલકોના ફોટોગ્રાફ્સ પણ લઈ ડેટાબેઈઝમાં જાળવવામાં આવે તે માટે જાહેર સલામતિની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક જણાતા જિલ્લાભરના તમામ ટોલગેઈટ પર સીસીટીવી કેમેરા ગોઠવવા અને ૨૪ કલાક કાર્યરત રાખવા તેમજ રેકોર્ડીંગ કરવા જણાવાયું છે.

# ઈજનેરી-ફાર્મસી કોલેજોમાં રિસર્ચ સેન્ટર સ્થાપિત થશે

## રિસર્ચ સેન્ટરમાં બાયોમેડિક્લ અને એન્જિનીયરીંગ જેવા અલગ અલગ વિષયો સંલગ્ન સંશોધનો કરવામાં આવશે

અમદાવાદ, તા.૧૧

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા સંલગ્ન ઈજનેરી અને ફાર્મસી કોલેજોમાં રિસર્ચ સેન્ટર શરૂ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત આ પ્રકારના રિસર્ચ સેન્ટર શરૂ કરવા ઈચ્છતી ઈજનેરી તેમજ ફાર્મસી વિદ્યાશાળાની કોલેજો પાસેથી જીટીયુએ દરખાસ્ત મંગાવી છે. ઉલ્લેખનીય છે આ કોલેજોમાં સ્થપાનાર આ રિસર્ચ સેન્ટરમાં બાયોમેડિકલ, એન્જિનીયરીંગ જેવા અલગ અલગ વિષયો સંલગ્ન સંશોધનો કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા સંલગ્ન ઈજનેરી અને ફાર્મસી કોલેજોમાં રિસર્ચ સેન્ટર શરૂ કરી તેને જોડાણ આપવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ આયોજનમાં જોડાવા માંગતી કોલેજો માટે જીટીયુ દ્વારા કેટલાક નિયમો બનાવવામાં આવ્યા છે જે મુજબ કોલેજમાં પૂરતો સ્ટાફ રાખવો જરૂરી છે.

લેબોરેટરીમાં અદ્યતન સાધનો, અનુભવી અધ્યાપકો સહિતની બાબતોનો સમાવેશ થાય છે. આ રિસર્ચ સેન્ટરોમાં એન્જિનીયરીંગ અને ફાર્મસીમં સોફ્ટવેર, મોબાઈલ, કોમ્પ્યુટર, મીકેનીક સહિતના વિષયો ઉપર રિસર્ચ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ પોતાની કોલેજોમાં જ સરળતાથી સંશોધન કરી શકે તે માટે આ યોજના શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત જીટીયુએ રિસર્ચ સેન્ટર શરૂ કરવા માંગતી કોલેજો પાસેથી દરખાસ્ત મંગાવવામાં આવી છે. આ યોજના અંતર્ગત જીટીયુ દ્વારા સર્વપ્રથમ જીટીયુના ચાંદખેડા ખાતેના કેમ્પસમાં રિસર્ચસેન્ટર શરૂ કરવામાંઆવશે. અન્ય કોલેજોમાંપણ રિસર્ચસેન્ટર શરૂ કરાશે.

# કુઝર-ટ્રક ટકરાતા ગુજરાતના ૧૨ શ્રદ્ધાળુઓના મોત

## પંચમહાલ જિલ્લાના વેજલપુર ગામના નિવાસી રામદેવરા જઈ રહ્યા હતા : અન્ય ઘણા ઘાયલઃ સઘન સારવાર જારી

જોધપુર,તા. ૧૧

રાજસ્થાનના જોધપુર જિલ્લામાં જેસલમેર રોડ પર મોડી રાત્રે ટ્રક અને કુઝર ટકરાતા ૧૨ શ્રદ્ધાળુઓના મોત થયા હતા જ્યારે અન્ય નવ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા હતા. તમામ એકજ પરિવારના લોકો હોવાનું જાણવા મળ્યુ છે. ગુજરાતના પંચમહાલ જિલ્લાના નિવાસી અકસ્માતનો શિકાર થયા હતા. કુઝરમાં બેસીને ૨૧ લોકો રામદેવરા દર્શન માટે જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. પોલીસ અધિકારીના કહેવા મુજબ પંચમહાલ જિલ્લામાં વેજલપુર ગામના નિવાસી ૨૧ લોકો કુઝરમાં સવાર થઈને જેસલમેર જિલ્લાના રામદેવરા જઈ રહ્યા હતા. અડધી રાત બાદ આશરે એક વાગ્ય બાલેસરથી અઢી કિલોમીટરના અંતરે કુઈઝોધા ગામમાં પેટ્રોલપંપ નજીક કુઝર સામેથી આવી રહેલી ટ્રક સાથે અથડાતા આ બનાવ બન્યો હતો. બચાવ અને રાહત કામગીરી તરત હાથ ધરી શકાઈ ન હતી. ફસાઈ ગયેલા લોકોને ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યા હતા પરંતુ ત્યાં સુધી બે બાળકો, ચાર મહિલાઓ અને એક પુરુષના મોત થઈ ગયા હતા. ઘાયલ થયેલા અન્ય ૧૪ લોકોને ખાનગી વાહનોથી જોધપુરની મથુરાદાસ માથુર હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં અન્ય ચાર લોકોને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. બુધવારે બપોરે આજે અન્ય એકનું મોત થયુ હતુ. ઘટનાસ્થળે જ મૃત્યુ પામેલા સાત લોકોના મૃતદેહને એમડીએએમએચની મોર્ચરીમાં રાખવામાં આવ્યા છે. પોલીસે મૃતકોના પરિવારને જાણ કરવામાં આવી છે. કુઝરમાં બેસીને મુસાફરી કરી રહેલાઓમાં પ્રેરણાબહેન, તેજલ, સંગીતા, ડ્રાઈવર વનરાજ, મધુબહેન, સુનિલ, રાહુલ અને તેમની પત્ની નિલમ તથા તેમનો નવ મહિનાનો પુત્ર ઘાયલ થયા છે. સુનિલની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ઘણાને ગંભીર ઈજાઓ થયેલી છે. આ અકસ્માતને લઈને ભારે ચકચાર મચી ગઈ હતી.

## શબ્દાવલી - ૫૨૫૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | ૯ | ■ | ૧૦ | |
| | ■ | ■ | ૧૧ | | | ■ | ■ |
| | ■ | ૧૨ | | ■ | ■ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ■ | ૧૭ | | ૧૮ | | |
| ૧૯ | | ૨૦ | ■ | ■ | ૨૧ | | ■ |
| ■ | ■ | ૨૨ | ૨૩ | | ■ | ■ | ૨૪ |
| ૨૫ | | | | ■ | ૨૬ | | |

### આડી ચાવી

૧. ફરાળી ખોરાક્માં આ લોટની પુરી-શીરો વગેરે કરાય (૪)
૫. કોઇની અવરજવર વિનાનું (૩)
૮. મગજની કસરત (૫)
૧૦. એક વાહન (૨)
૧૧. શિકારી જંગલમાં શિકાર કરવા ઝાડ પર સુરક્ષિત સ્થાને... બાંધે (૩)
૧૨. ત્યાં, પેલીબાજુ (૨)
૧૩. અંગચેષ્ટા, નખરા (૨)
૧૫. પાસે જ હોય તેવું, જેમ કે હાથ... (૨)
૧૭. નિકંદન, મૂળથી નાશ(૫)
૧૯. માણસને મદદ કરતી એક માછલી (૩)
૨૧. જૂવાર, ધાન્ય (૨)
૨૨. અલી, ભ્રમર (૩)
૨૫. એક વાદ્ય (૪)
૨૬. કાણ... (૩)

### ઊભી ચાવી

૧. લગ્નપ્રસંગે ક્પાસીયા પુરી પ્રગટાવતો દીવડો (૬)
૨. એક વાસણ (૨)
૩. હાથી (૨)
૪. ગુજરાતી ફિલ્મની એક હિરોઇન (૫)
૬. આરનો પાવડર (૨)
૭. તપસ્યા, સાધના (૨)
૯. માલદાર (૨)
૧૩. પક્ષીઓનું મળ, ચરક(૩)
૧૪. કરવેરો (૩)
૧૬. ઉનાળામાં આઇસ્ક્રીમને... ખાવાની મજા પડે (૨)
૧૮. છુટ્ટી, રવિવારે... (૨)
૨૦. મજુરી ઉપર... ઘણા ગરીબ કુટુંબો ભારતમાં છે(૩)
૨૩. આવી કારમી મોંઘવારીમાં મધ્યમ વર્ગનો... થાય (૨)
૨૪. આંચકી (૨)

### શબ્દાવલી ૫૨૫૩ના જવાબ

***આડી ચાવી :-*** (૧) અશરફી (૪) વાજબી (૬) ધરા (૭) રકાસ (૯) રફ (૧૦) કિર્તી (૧૧) આજ (૧૩) કેદારો (૧૪) ચાહના (૧૫) પગી (૧૭) મીરા (૨૦) આકાશ (૨૧) તંગી (૨૨) નિશા (૨૩) તરબૂચ
***ઊભી ચાવી :-*** (૧) અધરવચાળ (૨) શરાફ (૩) ફીરકી (૪) વાસ (૫) બીરંજ (૮) કાર્તિકેય (૧૧) આરોપ (૧૨) અનામીકા (૧૬) ગીચોગીચ (૧૮) રાશ (૨૦) આશા (૨૧) તંબૂ

### કંપની સમાચાર

## સીઆઇઆઇ દ્વારા આયોજિત હેલ્થ એન્ડ હોસ્પિટલ ટેક એક્સ્પો તથા કોન્ક્લેવ ૨૦૧૩ને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો

**લિઝ દ્વારા કે આવકમાં હિસ્સા આપવાના મોડલથી મેડિકલ ઉપકરણોની ખરીદીનો વિકલ્પ નાના શહેરોમાં વિસ્તરણ કરવા માગતી હોસ્પિટલ માટે ખર્ચમાં ઘટાડો કરવા સક્ષમ**

જે હોસ્પિટલો મેટ્રો સિવાયના અન્ય નાના શહેરોમાં હાજરી પ્રસ્થાપિત કરવા માગતી હોય તેમના માટે ખર્ચમાં ઘટાડો કરવા મોંઘા તબીબી ઉપકરણો લિઝ દ્વારા કે આવકમાં હિસ્સો આપવાના મોડલના દ્વારા હસ્તગત કરવાનો વિકલ્પ ઉપયોગી સાબિત થઈ શકે છે. આવી જ રીતે આ વિસ્તારોમાં જરૂરિયાત મુજબના તાલીમબદ્ધ કર્મચારીઓ મેળવવા માટે અનોખી પદ્ધતિઓ અપનાવવી જરૂરી બની જાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના આંકડા અનુસાર વિશ્વમાં પ્રત્યેક ૧,૦૦૦ વ્યક્તિએ ૧.૭ ડોકટર, ૩.૩ નર્સ અને ૩.૭ પથારીની ક્ષમતા ઉપલબ્ધ છે, જેની સરખામણીએ ભારતમાં આ આંકડો અનુક્રમે ૦.૭. ૧.૨ અને ૦.૬ છે. પ્રતિ વર્ષે જે નવા ડોકટર તથા નર્સો તૈયાર થાય છે તથા પથારીની ક્ષમતામાં જે વધારો થાય છે તેને ધ્યાનમાં રાખતાં હાલમાં વિશ્વની જે સરેરાશ છે તેની બરોબર કરવામાં ભારતને ૧૫થી ૨૦ વર્ષનો સમય લાગે છે અને આટલા સમયગાળામાં આ તફાવત વધારે થઈ જાય એવી શક્યતા છે. હેલ્થકેર ક્ષેત્રે કાર્યરત કંપનીઓ મેટ્રો સિવાયના અન્ય વિસ્તારોમાં પોતાની હાજરી પ્રસ્થાપિત કરવા માગતી હોય ત્યારે તાલીમબદ્ધ સ્ટાફની મોટા પ્રમાણમાં જરૂરિયાત એક ચિંતાનો વિષય છે.

## સચિવની નારાજગી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે આર.ટી.ઓ. અને પોલીસ તંત્ર દ્વારા વાહનોની ગતિ નિયંત્રણ માટેની કામગીરી સંકલનમાં રહી થાય તે જોવા જણાવ્યું હતું. શ્રી સંજયપ્રસાદે સે. ૨૧માં પાર્કિંગે માટેની વ્યવસ્થા અંગે કામગીરી ઝડપથી કરવા ઉપરાંત સે. ૧૧માં આવેલ વાણિજ્ય વિસ્તારના વાહનોના આડેધડ પાર્કિંગની સમસ્યાને હળવી કરવા એક અલાયદો પાર્કિંગ પ્લોટ વિકસાવવા સૂચવ્યું હતું. આ ઉપરાંત વાણિજ્ય વિસ્તારમાં પાર્કિંગની સુવિધા ન ધરાવતા કોમ્પ્લેક્સો સામે દંડનીય અને અન્ય કાર્યવાહી કરવા પણ જણાવ્યું હતું. વાહનોની ગતિના નિયંત્રણ માટે લોકોમાં જાગૃતિ આવે તે માટે વિશેષ હોર્ડિંગ્સ લગાડવા પર પણ તેમણે ખાસ ભાર મુક્યો હતો.

## ચૂંટણીના ભણકારા... ● અનુસંધાન પહેલાનુંચાલુ

તપ્તો હવે ટૂંકમાં જ ગોઠવાઈ જશે. કોંગ્રેસના છ સાંસદો દ્વારા સુપરત કરવામાં આવેલી અવિશ્વાસ દરખાસ્તને લઈને પણ દુવિધાભરી સ્થિતિ સર્જાયેલી છે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને દિલ્હીમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો થયો છે જેથી એવી શક્યતા પણ પ્રવર્તી રહી છે કે મનમોહનસિંહના નેતૃત્વમાં સરકાર હવે ચારે બાજુથી મુશ્કેલીમાં મૂકાઈ છે. સિમાંધ્રના સાંસદો આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે. હચમચી ઉઠેલી કોંગ્રેસ પાર્ટીએ ગઈકાલે સમીક્ષા બેઠક યોજી હતી જેમાં ઊંચા ફુગાવાના મુદ્દે ચર્ચા કરાઈ હતી. આ ઉપરાંત અન્ય પાસાં ઉપર પણ ચર્ચા થઈ હતી. તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જીએ અવિશ્વાસ દરખાસ્તને ટેકો આપવાનો ઈન્કાર કર્યો છે. જો કે બીજુ જનતાદળના ૧૪ સાંસદોએ કહ્યું છે કે જ્યારે દરખાસ્ત સ્વીકારાશે ત્યારે ટેકો આપવા વિચારણા કરાશે. હાલમાં આ દરખાસ્તને ૫૦ સાંસદોનો ટેકો નથી. ૫૦ સાંસદોનો ટેકો જરૂરી હોય છે. કોંગ્રેસના સાંસદ, ટીડીપીના નેતા ચંદ્રબાબુ નાયડુ દ્વારા આ દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયક, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીનો સંપર્ક કરવામાં આવ્યો છે. હાલમાં અવિશ્વાસની દરખાસ્ત લોકસભાના અધ્યક્ષ મીરા કુમાર દ્વારા હાથ ધરી શકાય તેવી સ્થિતિ નથી. કારણ કે ગૃહમાં લેક ઓફ ઓર્ડર નથી પરંતુ ચર્ચા ચાલી રહી છે. વાય એસ આર કોંગ્રેસના નેતા જગનમોહન રેડ્ડી અને અન્યોનો પણ સંપર્ક કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. વર્ષ ૨૦૦૯માં લોકસભાની ચૂંટણી ૧૬મી એપ્રિલ-૧૩મી મે વચ્ચે યોજાઈ હતી. તથા પરિણામ ૧૬મી મેના દિવસે જાહેર કરાયા હતા. ૨૦૦૪માં પરિણામો ૧૩મી મેના દિવસે જાહેર કરાયા હતા જ્યારે ચૂંટણી ૨૦મી એપ્રિલથી ૧૦મી મે વચ્ચે યોજાઈ હતી.

## ગ્રામસભા અભિયાન.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસ પહેલા મહિલાઓની ગ્રામસભા યોજવા માટેની સૂચનાનો અમલ પણ નહિ થતો હોવાની ચોંકાવનારી હકીકતો જાણવા મળી છે.

મળતી વિગતો પ્રમાણે આ ગ્રામસભા અભિયાનમાં ગ્રામજનો દ્વારા કોઈ જ પ્રશ્નોની રજુઆત અધિકારીઓ સમક્ષ થઈ નથી. ગ્રામસભા અભિયાન માત્ર ને માત્ર ઔપચારિક બની રહ્યું છે. આ અભિયાનમાં મધ્યાહન ભોજન યોજના અંગેની સમીક્ષા પણ નહિ કરવામાં આવતી હોવાનું જાણવા મળેલ છે.

ગ્રામસભા અભિયાનમાં નરેગાના લેબર બજેટને બહાલી આપવામાં આવી રહી છે. આ પછી તાલુકા કક્ષાએ બજેટ આખરી કરી જિલ્લામાં રજુ થનાર છે. લોકોમાં હવે ગ્રામસભા અભિયાનને લઈ કોઈ રૂચિ જોવા મળતી નથી. બે હજાર કરતાં પણ વધુ પ્રશ્નો અગાઉના અભિયાનમાં રજુ થયેલા હજુ પડતર રહ્યા હોવાથી માત્ર ઔપચારિકતાઓ આ અભિયાનની વધી હોવાનું લોકો જણાવી રહ્યા છે.

## વેતનમાં ૩૦નો વધારો.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શ્રમયોગીઓના પરિવારોને આર્થિક રક્ષણ માટેનો નવતર રાહ દેશને ચિંધ્યો છે. નીતીન પટેલ તથા સૌરભ પટેલે ઉમેર્યું કે લઘુત્તમ વેતન ધારાની જોગવાઈઓ અનુસાર સામાન્યતઃ પાંચ વર્ષ બાદ આવા વેતનમાં સુધારા કરવાના થતા હોય છે, અને સરકારે ગયા માર્ચ-૨૦૧૨માં જ ખેત શ્રમયોગીઓ માટે લઘુત્તમ વેતન દર રૂા. ૧૨૦ નક્કી કર્યા હતા. પરંતુ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈની સમાજના આર્થિક રીતે નબળા વર્ગના શ્રમયોગીઓના ઉત્થાન માટેની કલ્યાણકારી નીતિ માટેની દિર્ઘદ્રષ્ટી અને મોંઘવારીમાં થયેલા કમ્મરતોડ વધારા સામે આ શ્રમયોગી પરિવારોને રક્ષણ આપવાના ઉદાત અભિગમથી રાજ્ય સરકારે એક વર્ષના ટૂંકાગાળામાં જ લઘુત્તમ વેતનના દરમાં પુનઃવિચારણા કરીને રૂા. ૩૦ એટલે કે ૨૫ ટકાનો જંગી વધારો કરવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે.

## કુવામાં પડતાં મોત ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોવાથી તરત જ ફાયર બ્રિગેડને બોલાવવામાં આવ્યું હતું. ગાંધીનગર અને અમદાવાદનું ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચ્યું હતું. અર્ધા કલાક જેટલા સમયની મહેનતને અંતે ગાંધીનગર ફાયર બ્રિગેડે બાળકને બહાર કાઢ્યું હતું.

આ પછી તુરત જ આરોગ્ય કેન્દ્ર ખાતે મેડીકલ ઓફિસર શ્રી પટેલે સારવાર શરૂ કરી હતી. જ્યાં તેને બપોરે ૩ વાગ્યાની આસપાસ મૃત જાહેર કરવામાં આવ્યો હતો. બાળકના મૃતદેહને પોષ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ જિલ્લાના અધિકારીઓને થતાં શિક્ષણ, પંચાયતના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. સમગ્ર ઘટના અંગે જરૂરી રોજકામ પણ સ્થળ પર કરી પોલીસમાં અકસ્માત મોતનો ગુનો દાખલ કરાવવાની તજવીજ હાથ ધરી હતી.

મળતી વિગતો મુજબ કમ્પાઉન્ડ વોલની નજીક આવેલ આ અવાવરૂ ખાળકુવા બાબતે શાળાના આચાર્યએ તાજેતરમાં જ બે માસ પૂર્વે આરોગ્ય સત્તાવાળાઓનું ધ્યાન દોરતો પત્ર લખ્યો હતો. જો કે આ કમ્પાઉન્ડ વોલનો તુટેલો ભાગ ટુંકા રસ્તા તરીકે આવન-જાવન માટે થતો હતો. શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ ઘટનામાં વિદ્યાર્થીના પરિવારજનોને વિદ્યાદીપ સહાય યોજનામાંથી સહાય તાત્કાલિક પ્રાપ્ત થાય તે દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બીજી તરફ જિલ્લામાં બનેલ આ કરૂણાંતિકાને ખાસ કિસ્સા તરીકે લેખી પંચાયતના સત્તાવાળાઓએ પણ ખાસ સહાય આપવાની વિચારણા હાથ ધરી છે.

દરમ્યાન મળતી વિગતો મુજબ નરેન્દ્ર એ પાંચ બહેનોનો વ્હાલસોયો ભાઈ હતો. તેના માતા-પિતા છુટક મજૂરી અને શાકભાજીનો ધંધો કરી રોજગારી મેળવી રહ્યા છે.

અડાલજ ગામમાં બનેલ આ કરૂણાંતિકાને પગલે આજે જિલ્લાના શિક્ષણ જગતમાં પણ સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. છેલ્લા ત્રણ દિવસથી શૈક્ષણિક સંસ્થાઓના અકસ્માતોના બનાવો બની રહ્યા છે તેમાં આ કરૂણાંતિકા કરૂણતાની ચરમસીમા વટાવી દીધી છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં શાળાઓમાં બનેલ અપ્રિય ઘટનાઓમાં આ બનાવ સૌથી કરૂણ હોવાનું શિક્ષણ જગત સાથે સંકળાયેલા સૌનું માનવું છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**ગુજરાત સરકારનું સાહસ**

**જાહેર નિવિદા નંબર-૧૦ સને ૨૦૧૩-૧૪**

અધિક્ષક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય વર્તુળ, પ્રથમ માળ, જલ ભવન, નવા સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર દ્વારા (૧) 'એએ' વર્ગ અને ઉપરના કામનો અનુભન ધરાવતી એજન્સીઓ પાસેથી (૧) વાત્રક ડેમ આધારિત એસ.કે.-૨ ભાગ-૧ (૨) માઝુમ ડેમ આધારિત એસ.કે.-૨ ભાગ-૨ અને (૩) વાત્રક અને માઝુમ ડેમ આધારિત એસ.કે.-૩ ભાગ-૧ અને ભાગ-૨ હેઠળ આનુષાંગિક કામો કરવા બાબત. જેના અનુક્રમે ટેન્ડર આઈ.ડી. નં. ૧૩૧૨૫૮ તથા ૧૩૧૩૮૯ અને ૧૩૧૯૫ છે. અને કામોની અંદાજીત કિંમત (૧) રૂ. ૧૭૩૪૬-૨૦ (૨) ૧૧૫૪૫-૭૩ અને ૧૪૪૭૭-૪૬ લાખ છે. ભાવો ભરવાની છેલ્લી તા. ૪-૧-૨૦૧૪ કામો માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. એક અથવા તમામ ટેન્ડરો કોઈ પણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ www.gwssb.org તથા http://wwww.gwssb.nprocure.com, www.statetenders.com ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો માટે કચેરી સમય દરમિયાન કાર્યપાલક ઈજનેર જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, આકાર કોમ્પલેક્ષ, શામળાજી રોડ, મોડાસા, ફોન નં. ૦૨૭૭૪-૨૪૭૨૯૩, ફેકસ નં. ૦૨૭૭૪-૨૪૭૩૦૫ (મો. ૯૯૭૮૪૦૬૭૩૯) પાસેથી મેળવી શકાશે. હવે પછીના જો સુધારા હશે તો વેબસાઈટ ઉપર જોવા મળશે. ક્રમાંક ના.મા.નિ./હિંમત/૩૬૭/૨૦૧૩